# આવું હશે....... ૨૧ મી સદીનું......પાઠ્યપુસ્તક...!

અહીં ભવિષ્યના પાઠ્યપુસ્તક અંગેની કલ્પનાઓ રજૂ કરવામાં આવી છે. જે સાચી પડવાની જ છે જેમાં લેશ માત્ર શંકા નથી. આવતા વર્ષોમાં પાઠ્યપુસ્તકમાં ક્રમશ: ફેરફાર થતો તમને જોવા મળશે. તો કેવા હશે ફેરફારો સાથેના પાઠ્યપુસ્તકો.....?

હવે પછી ખુબ જ ટૂંકાગાળામાં પાઠ્યપુસ્તકો વિવિધ રંગ અને કદના અક્ષરો, બેકગ્રાઉન્ડ અને આકૃત્તિઓ સાથે હશે. એટલેકે પાઠ્યપુસ્તકમાં વિવિધ વિષયવસ્તુને ઉપસાવવા માટે જુદા જુદા રંગમાં અક્ષરો હશે. સાથે જરૂર પડે રંગીન બેકગ્રાઉન્ડમાં છાપકામ થયેલું હશે. આકૃત્તિઓનું કદ યોગ્યમાત્રામાં હશે. જેથી વિદ્યાર્થીઓ સરળતાથી સમજી શકે. આકૃત્તિઓ દ્વિપરિમાણમાં દર્શાવેલ હશે. આમ તો નાના ધોરણોમાં ઉપરોક્તમાંથી કેટલીક બાબતો જોવા મળે છે, પરંતુ હવે પછી ઉપલા ધોરણોમાં પણ તેનો અમલ થશે જ. એટલું જ નહીં, ઉપરોકત તમામ બાબતો તમામ પાઠ્યપુસ્તકોમાં સમાવિષ્ટ હોતી નથી. જે હવે પછીના વર્ષોમાં જોવા મળશે.

થોડા વર્ષો પછી મોટાભાગના વિદ્યાર્થીઓ કમ્પ્યૂટરથી પરિચિત બની ગયા હશે. એટલેકે તેઓ કમ્પ્યૂટરની મદદ વડે અભ્યાસ કરી શકશે જ. જેથી હવે પછી થોડા જ વર્ષોમાં પાઠ્યપુસ્તક દ્વારા કમ્પ્યૂટરનો ઉપયોગ ત્રણ રીતે કરવામાં આવશે. પ્રથમ તો દરેક પાઠ્યપુસ્તકની સાથે એક “સીડી“ આપવામાં આવશે. જેમાં પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ બાબતોમાંથી કેટલાંક વિષયવસ્તુ માટે વિવિધ આકૃત્તિ કે વર્કીંગ મોડેલ દ્વારા જીવંત દશ્યો આપવામાં આવેલા હશે. દા.ત. પ્રયોગો, વાતાવરણ, પ્રદેશો, કેટલીક ઘટનાઓ, જુદા જુદા દેશનું લોકજીવન વગેરે. જેથી વિદ્યાર્થીઓ તેની મદદથી જે તે વિષયવસ્તુ જોઇને સમજી શકે. બીજી બાબત એ હશે કે પાઠ્યપુસ્તક સાથે આપવામાં આવતી “સીડી“માં પાઠ્યપુસ્તકના વિષયવસ્તુને લગતી અન્ય સંદર્ભ માહિતી પણ હશે. જેથી ઊંડો કે વિસ્તૃત અભ્યાસ કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓ તેનો ઉપયોગ કરી શકે. ત્રીજી બાબત એ હશે કે જેમાં આખું પાઠ્યપુસ્તક “સીડી“માં જ હશે. જેમાં જે તે પ્રકરણ સાથે જ યોગ્ય જગ્યાએ જીવંત દશ્યો કે અન્ય માહિતીયુક્ત આકૃત્તિઓ કે નમૂનાના ચિત્રો આપેલા હશે. જેથી વિદ્યાર્થી ઇચ્છે ત્યારે પાઠ્યપુસ્તક વગર કમ્પ્યૂટર સામે બેસીને અભ્યાસ કરી શકે.આ ઉપરાંત વિદ્યાર્થીઓ સ્વપ્રયત્ને મહાવરો કરી શકે તે માટે સ્વાધ્યાય આપતી “સીડી“ પણ હશે. જેમાં વિદ્યાર્થીએ જે તે પ્રકરણનો અભ્યાસ કરીને તે સ્વાધ્યાય પૂર્ણ કરવાના રહેશે. આ “સીડી“ માં જ સ્વાધ્યાયના દરેક પ્રશ્નના જવાબ પણ આપેલા હશે. જેથી વિદ્યાર્થી આપમેળે પોતાના કાર્યનું મૂલ્યાંકન કરી શકે.

ત્યારપછીના વર્ષોમાં એક જ પાઠ્યપુસ્તકમાં અભ્યાસક્રમના તમામ પ્રકરણોનો સમાવેશ નહીં થાય, પરંતુ મોડ્યુલની જેમ દરેક પ્રકરણ અલગ અલગ હશે. જેમાં દરેક પ્રકરણની સાથે “સીડી“ તો ખરી જ. કે જેમાં આગળ જણાવેલ વિવિધ બાબતોનો સમાવેશ થતો હોય.પાઠ્યપુસ્તકોમાં પ્રોજેક્ટસ, પ્રવૃત્તિઓ અને ફિલ્ડવર્કને પ્રોત્સાહન આપવામાં આવશે. પુસ્તકોમાં જ કેટલાંક પ્રોજેક્ટસ, પ્રવૃત્તિ અને ફિલ્ડવર્ક આપેલા હશે કે જે વિદ્યાર્થીઓ જાતે જ સ્વપ્રયત્ને કરી શકે તેવા હશે.

ત્યારબાદ કેટલાંક વર્ષમાં વિદ્યાર્થીને ફરજ પાડવામાં નહીં આવે કે તેણે કયા વિષયમાં અને તે વિષયમાં કયા પાઠ્યપુસ્તકનો અભ્યાસ કરવો. વિદ્યાર્થી સામે અનેક વિષયો અને તે દરેક વિષયના અનેક પાઠ્યપુસ્તક હશે. તે તેની પસંદગી મુજબના પુસ્તક કે વિષયનો અભ્યાસ કરી શકશે.

ત્યારપછીના વર્ષોમાં કોઇપણ દેશમાં અન્ય દેશના પુસ્તકોનો ઉપયોગ કરવામાં આવશે. આપ જાણો જ છો કે થોડા વર્ષો અગાઉ અભ્યાસક્રમમાં પ્રાદેશિકતાને મહત્ત્વ આપવામાં આવતું હતું, ત્યારબાદ અત્યારે રાષ્ટ્રીયતાને મહત્ત્વ આપવામાં આવે છે, હવે પછી આંતરરાષ્ટ્રીયતાને મહત્ત્વ આપવામાં આવશે. જેથી કોઇપણ વિદ્યાર્થી કોઇપણ દેશમાં રહીને કોઇપણ દેશના પુસ્તકોનો ઉપયોગ કરીને અભ્યાસ કરી શકશે. એક જ શાળામાં કે કોલેજમાં એક જ વર્ગમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પાસે જુદા જુદા દેશના ઘણાં લેખકોના પુસ્તકો હશે. જેને દરેક યુનિવર્સિટીએ માન્ય રાખવા પડશે.

કમ્પ્યૂટરનો ઉપયોગ વધતાં પાઠ્યપુસ્તકો બજારમાં મળતાં હશે તે ઉપરાંત વેબસાઇટ પર પણ મૂકાયેલાં હશે. જેથી વિદ્યાર્થી ઇચ્છે તો વેબસાઇટ પરથી ડાઉનલોડ કરીને પણ પોતે અભ્યાસ કરી શકશે. ત્યારબાદ પાઠ્યપુસ્તક છપાવવાનું ખૂબ જ ઘટી ગયું હશે. પાઠ્યપુસ્તકને માત્ર વેબસાઇટ પર જ મૂકવામાં આવશે. સરકાર કે પ્રકાશક પાઠ્યપુસ્તકને છપાવવાની ઝંઝટમાં જ નહીં પડે. વેબસાઇટ પર પુસ્તકો મૂકાશે

ત્યારબાદના કેટલાંક વર્ષોમાં કમ્પ્યૂટરનું કદ પણ ખુબ જ નાનું અને વજન હલકું થઇ ગયું હશે, સાથે જ "સીડી" નો વપરાશ પણ ઘટી ગયો હશે. "સીડી"ની જગ્યાએ માઇક્રોચીપનો ઉપયોગ થતો હશે. અત્યારે જેમ મોબાઇલમાં કે ડિજિટલ ડાયરીમાં ચીપનો ઉપયોગ કરવામાં આવે છે તે રીતે જ વિદ્યાર્થીની નોટબુકના આકરનું , એટલાંજ વજનનું અને કદનું કમ્પ્યૂટર હશે. જેમાં માઇક્રોચીપનો ઉપયોગ કરવામાં આવશે. આ નોટબુક કમ્પ્યૂટરમાં પોણાભાગના વિસ્તારમાં સ્ક્રિન હશે અને બાકીના ભાગમાં કી આપવામાં આવેલી હશે.વિદ્યાર્થીના ધોરણ પ્રમાણેનું આખું પાઠ્યપુસ્તક જ ચીપમાં હશે. તે ચીપ અંદર નાંખતા જ એક નાનકડી નોટબુક કમ કમ્પ્યૂટરમાં તમામ વિષયના પુસ્તકો આવી જશે. જેનો ઉપયોગ કરવા માટે અત્યારે જેમ મોબાઇલમાં અમુક કી દબાવવાથી મેનુ ખૂલે છે તેવી જ રીતે વિદ્યાર્થી અમુક કી દબાવશે એટલે વિષયોનું લીસ્ટ ખૂલશે, વિષય પસંદ કર્યાબાદ તે પ્રકરણ અને પેજ નંબર પણ પસંદ કરી શકશે. તે કોઇ પ્રકરણના સ્વાધ્યાય કે પ્રોજેક્ટ્સ પર પણ સીધો જઇ શકશે. આ ચીપમાં પાઠ્યપુસ્તક ઉપરાંત વિદ્યાર્થીની સમજ માટે આગળ જણાવેલ વિવિધ પ્રકારની માહિતી, ચિત્રો, જીવંત દશ્યો પણ હશે જ.જેને તે સ્ક્રિન પર જોઇ શકશે. આ નોટબુક કમ્પ્યૂટરની જ સ્ક્રિન પર તે પેન્સિલ દ્વારા લખી પણ શકશે. જેનો કમ્પ્યૂટરમાં સંગ્રહ પણ થઇ શકશે.વિદ્યાર્થીનું ધોરણ બદલાય એટલે તેણે માત્ર ચીપ જ બદલવાની રહેશે. આ ચીપનું કદ પણ અત્યારે મોબાઇલમાં વપરાતી ચીપ જેટલું જ હશે. આમ ભવિષ્યના વર્ષોમાં વિદ્યાર્થી દફતર લઇને નહીં, લેપટોપ જેટલા મોટા કદનાં કમ્પ્યૂટર લઈને નહીં પરંતુ પોતાની મરજી મુજબના વાપરવામાં અનુકૂળ કદ અને વજનના કમ્પ્યૂટર હાથમાં કે ગજવામાં લઇને શાળા કોલેજમાં જશે.

ત્યારબાદના થોડા જ સમયમાં અવાજ સાથેના પાઠ્યપુસ્તક હશે. એટલેકે અંધવિદ્યાર્થીઓને અન્ય વ્યક્તિની મદદ લેવી નહીં પડે. ઉપરાંત કોઇ વિદ્યાર્થીને પાઠ્યપુસ્તક વાંચવું નથી પરંતુ પથારીમાં સૂતાં સૂતાં સાંભળવું છે તો તે સાંભળી પણ શકશે.

ત્યારબાદના પાઠ્યપુસ્તક સાથે એવી ચીપ બનાવવામાં આવી હશે કે વિદ્યાર્થી ઘેર બેસીને જ વર્ગખંડનો અનુભવ કરી શકતો હશે. તેની સામે શિક્ષક વ્યાખ્યાન આપતા હશે. તે પોતાને તેના મિત્રો સાથે બેઠેલો અનુભવતો હશે. તે પુસ્તકને આધારે જવાબ બોલતો હશે, લખતો હશે અને સાંભળતો પણ હશે.